GJVD020143622016

**આરોપીનું નામ : કલ્પેશકુમાર વર્મા**
**ગુનો : ઇન્કમ ટેક્ષ એકટ ૧૯૬૧ ની કલમ–૨૭૬(સી)(સી) મુજબ**

**ક્રિમીનલ કેસ નંબર –૧૨૩૮૮/૨૦૧૬**
**આંક–**

(૧) આરોપીએ કોર્ટ રુબરુ હાજર થઈ આ ગુનો સવેચછાએ કબુલાત કરવા માગે છે તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરતાં આરોપીની પલી રેકડર કરવામાં આવેલ છે જેમાં આરોપીએ સ્વેચ્છા પુર્વક ગુનાની કબુલાત કરી કેસનો નિકાલ કરવા માંગતા હોય તેમજ ભિવષયમાં આવો ગુનો ન થાય તેની કાળજી રાખવાનુ જણાવે છે, આરોપીનું નીવેદન લેતાં તેની કબુલાત સ્વેચ્છીક હોવાનું તથા તેને કોઈ લાલચ કે, પલોભન કોઈએ આપેલ નહી હોવાનું જણાઈ આવે છે. આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતાં પોતે સવૈચછીક કબુલાત કરતો હોવાનું જણાઈ આવતુ હોઈ હાલની કબુલાત રેકડર કરવામાં આવે છે.

(૨) આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લીધી. આ કામે આરોપી વિરુઘ્ધ ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ ની કલમઃ ૨૭૬ સી સી મુજબનો ગુનો નોધાયેલ છે.જે ગુના અંગે આરોપી કંપનીએ જેટલા રપીયાની રકમની ડીપોઝીટ રોકડામાં સવીકારી હોય તેટલી રકમથી ઓછો દંડ થઈ શકે નહી. સદર કેસ સને ૨૦૧૬ ની સાલનો જુનો છે અને આરોપી તરફે તેઓના વિ. વ.શી એ જાહેર કરેલ છે કે, આરોપી નામ.કોર્ટમાં ગુનો કબુલ કરતા હોય તે બદલ નામ.કોર્ટ જે કોઈ દંડ કરે તે ભરવા રાજી ખુશીથી તૈયાર છીએ જેથી આરોપીની કબુલાત અંગે યોગય હુકમ કયેથી તેઓને કોઈ વાંધા સરખુ નથી. આ કામે કુલ ૧ આરોપી છે અને તે ગુનો કબુલ કરતાં હોય તે ડીપોઝીટ તરીકે સવીકારેલ રકમ જેટલો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ તેમ છે. આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિરુઘ્ધ સ્ટેટ નો ચુકાદો કે જે જ.એલ.આર.

૨૦૦૫ પેજનં.૭૦૯ ઉપર પકાશીત થયેલ છે તે ધયાને લેતાં આરોપીઓને આવા કીસસામાં નયુનતમ સજા કરતાં પણ ઓછી સજ કરી શકાય તેમ હોઈ આરોપીઓની કબુલાતને ધયાને લઈને આરોપીઓને ક્રિ.પો.કોડની કલમઃ૨૫૨ અનવયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**હુકમ**

આરોપીને ક્રિમીનલ પોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે ઈન્કમટેક્ષ એકટ ૧૯૬૧ ની કલમઃ ૨૭૬ સી.સી. મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી આરોપીને કલમ– ૨૭૬ સીસી મુજબ ના ગુના સબબ રૂા. ૧૦,૦૦૦/– ( અંકે રુપીયા દસ હજાર પુરા) દંડની સજા ફરમાવુ છું અને જો આરોપી દંડ ન ભરે તો આરોપીને દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીએ કુલ દંડની રકમ રૂા. ૧૦,૦૦૦/– ( અંકે રુપીયા દસ જાર પુરા) જમા કરાવવા.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં તારીખ– ૧૩ મી માહે–સપ્ટેમ્બર સને–૨૦૨૫ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

**તા. ૧૩/૦૯/૨૦૨૫**
**મુ.વડોદરા.**

**(બંધન સિંહ)**
**એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**વડોદરા.**
**કોડ નં. જીજે૦૧૩૭૫**